# ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૨ માટે ખરીફ મગફળીના ભાવનો વરતારો

મગફળી એ તેલીબિયાંનો એક અગત્યનો પાક છે જે વિશ્વમાં વાવેતરની દ્રષ્ટિએ પ્રથમ અને ઉત્પાદનની દ્રષ્ટિએ બીજા સ્થાને છે. ભારતમાં મગફળીનું ઉત્પાદન બજારમાં ઓક્ટોબર-નવેમ્બર માં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં મગફળીના ઉત્પાદન અને ઉપભોક્તામાં ચીન ૧૮૩ લાખ ટન સાથે પ્રથમ, ત્યારબાદ ભારત (૭૦ લાખ ટન), નાઇજીરીયા (૪૫ લાખ ટન), અમેરિકા (૨૮.૪૦ લાખ ટન અને સુદાન (૨૫ લાખ ટન) સ્થાન ધરાવે છે.

ભારતમાં વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ચોમાસું મગફળીનો વાવેતર વિસ્તાર ૪૮.૯૮ લાખ હેક્ટર નોંધાયેલ જે ગત વર્ષ ૨૦૨૦–૨૧માં ૫૦.૯૧ લાખ હેક્ટર હતો. વર્ષ ૨૦૨૧-૨૨માં મગફળીનું ઉત્પાદન અંદાજે ૮૩.૬૭ લાખ ટન થયેલ છે, જે ગત વર્ષ ૨૦૨૦-૨૧માં ૮૫.૨૮ લાખ ટન હતું. ગુજરાત, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને રાજસ્થાન મુખ્ય ઉત્પાદક રાજ્યો છે જે મગફળીના કુલ ઉત્પાદનના ૭૭ ટકા હિસ્સો ધરાવે છે.

વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન મગફળીની ભારતમાંથી નિકાસ ૬.૩૮ લાખ ટન હતી જે ઘટીને ૨૦૨૧-૨૨માં ૪.૭૬ લાખ ટન થઈ છે. ચીનમાં મગફળીની ઓછી માંગને લીધે નિકાસમાં ઘટાડો થયો છે. હાલમાં, ઇન્ડોનેશિયા, વિયેતનામ, ચીન, ફિલિપાઇન્સ, મલેશિયા, અને થાઇલેન્ડ ભારતમાંથી મગફળી ખરીદનાર દેશો છે. આ દેશોમાં, લગભગ કુલ મગફળીની નિકાસના ૭૭ ટકા નિકાસ થાય છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ભારતમાંથી સીંગતેલની નિકાસમાં ૧.૦૯ લાખ ટનનો ઘટાડો થયો હતો જે ૨૦૨૦-૨૧માં ૧.૬૮ લાખ ટન હતો. આ સમયગાળામાં મગફળીના તેલની ચીનમાં ઓછી માંગને કારણે ઓછી નિકાસ થયેલ.

ભારત લગભગ ૩ મિલિયન ટન પામ ઓઈલની ઈન્ડોનેશિયામાંથી આયાત કરે છે. ઇન્ડોનેશિયા દ્વારા તેઓના સ્થાનિક બજારોમાં અછતને કારણે એપ્રિલ ૨૦૨૨માં પામ ઓઇલની નિકાસ પર પ્રતિબંધ જાહેર કરેલો. પ્રતિબંધના પરિણામે, ભારતમાં ખાદ્યતેલના ભાવોમાં વધારો થવાની સંભાવનાઓ રહેલી હતી પરંતુ, ઇન્ડોનેશિયા દ્વારા ફરીથી મે મહિનામાં નિકાસ પરનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો, તેમછતાં, પૂર્વીય યુરોપમાં ભૌગોલિક રાજકીય તણાવ વધવાથી ખાદ્ય તેલના ભાવ વધી રહ્યા છે. છેલ્લા વર્ષમાં મોટા ભાગના ખાદ્યતેલના ભાવમાં ૨૦-૨૫ ટકાનો

વધારો થયો છે. સૂર્યમુખી, સરસવ અને મગફળીના તેલ છૂટક બજારમાં રૂપિયા ૧૮૫-૧૯૦ પ્રતિ કિલોના ભાવે ઉપલબ્ધ છે.

નાફેડ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૨.૮૬ લાખ ટન મગફળીની ખરીદી કરવામાં આવી હતી, જે ૨૦૧૯-૨૦ દરમ્યાન ૭.૨૧ લાખ ટન હતી. મગફળીના ટેકાનો ભાવ ૨૦૨૦-૨૧ દરમ્યાન રૂપિયા ૫૨૭૫ પ્રતિ ક્વિન્ટલથી વધારીને ૨૦૨૧-૨૨માં રૂપિયા ૫૫૫૦ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો હતો. ખરીફ ૨૦૨૨-૨૩ માટે સરકાર દ્વારા ટેકાનો ભાવ રૂપિયા ૫૮૫૦ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાતમાં ચોમાસું મગફળીનો વાવેતર વિસ્તાર ૧૯.૨૬ લાખ હેક્ટર નોંધાયો જે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૨૧.૦૧ લાખ હેક્ટર હતો. વર્ષ ૨૦૨૧-૨૨માં મગફળીનું ઉત્પાદન અંદાજે ૪૩.૮૪ લાખ ટન નોંધાયેલ જે વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૯.૯૧ લાખ ટન થયું હતું.

ગુજરાતના વિવિધ બજારોમાં મગફળીનો ભાવ ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૦માં રૂપિયા ૯૭૭ પ્રતિ મણથી વધીને ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૧માં રૂપિયા ૧૧૦૯ પ્રતિ મણ થયેલ. હાલ મે-૨૦૨૨ દરમ્યાન મગફળીનો ભાવ ગુજરાતનાં બજારોમાં રૂપિયા ૧૨૩૮ પ્રતિ મણ છે.

ઉપરોક્ત ઉત્પાદન, આંતરરાષ્ટ્રીય બજારમાં માંગ અને સ્થાનિક બજારોની વિગતોને ધ્યાનમાં લઈને સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ટેલીજન્સ નાહેપ-કાસ્ટ પ્રોજેક્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે સંશોધન હાથ ધરવામાં આવેલ જેમાં રાજકોટ માર્કેટ યાર્ડનાં મગફળીના ૧૭ વર્ષોના માસિક ભાવોનુ વિશ્લેષણ કરેલ છે જેના તારણ પરથી અનુમાન છે કે મગફળીનો ભાવ **ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૨માં રૂ. ૫૧૫૦ થી ૫૮૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧૦૩૦ થી ૧૧૭૦ પ્રતિ ૨૦ કિગ્રા)** રહેવાની સંભાવના છે.

*નોંધ: આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ફેરફાર, નિકાસ અથવા આયાત પ્રતિબંધો વગેરે જેવા કોમોડિટી બજારોમાં નવા પરિવર્તનો ને કારણે આગાહી કરેલા ભાવો કરતાં વાસ્તવિક ભાવોમાં ફેરફાર થઈ શકે છે. ભાવોનો આ અંદાજ અગાઉના વર્ષોના માસિક ભાવોનું વિશ્લેષણ અને આંકડાકીય મોડેલોના તારણ પરથી કરેલ છે તેથી વાસ્તવિક બજાર ભાવ અને આગાહી કરેલા ભાવ સમાન ન પણ હોઈ શકે.*